May 2025


# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
ISO 9001 : 2015 CERTIFIED

Year 20 • Issue 08 / 231
• Mumbai • Page 24 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)

### Best Moments - આનંદી પળ

**"મેઘ બનીને વરસે જાણે અભિષેકની ધારા,**
**નવગ્રહ જિનાલયમાં શોભે મારા શંખેશ્વર તારણહારા!"**

**મારા સ્નેહી પરિવારજનો,**
**પ્રણામ!**

**ગુરુવાર તા. ૮ મી મે શુભ ઉષા પ્રગટી, "શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ લોનાવાલા હોલી ડે હોમ" ની ભૂમિના પુણ્ય વધ્યા, દેવગુરુની કૃપાનું વહેણ જ્યાં અખંડ વહેતું હોય ત્યાં ન ધાર્યા કાર્ય થતાં હોય.**

**અતિ સુંદર, અતિ ભવ્ય, અવિસ્મરણિય, અદ્‌ભુત, અજોડ આ બધા શબ્દોનો અર્થ સમજવો હોય તો શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલયના શીલાન્યાસ અવસરને જેઓએ માણ્યો છે તેઓને સમજાઈ ગયુ છે તેટલું જ નહીં પણ અનુભવાયો છે. જેઓ આવ્યા હતા તેઓ પુણ્યશાળી હતા. શ્રી પાટણ જૈન મંડળનો આભાર માનવા જેવો આ પ્રસંગ હતો. 'ન ભુતો ન ભવિષ્યતિ' જેવો આ પ્રસંગ સૌ પ્રથમવાર આપણા સમાજમાં ઉપસ્થિત લાભાર્થી પરિવારો તથા આમંત્રિત મહેમાનોએ મન મુકીને માણ્યો.**

**તા. ૪ થી મે ના રોજ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજય મહાબોધી સૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં સવારે ૬.૦૨ મિનિટના** સમયે **શાસન રત્ન શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ** અને મારી ટીમ દ્વારા ખુબજ સુંદર રીતે દેવગુરુની કૃપાથી ખનન વિધિ સંપન્ન થઈ.

**પ્રાતઃ કાળે ૪.૦૦ કલાકે** વિધિકાર **શ્રી હેમુભાઈ** દ્વારા વિધિની શરૂઆત કરતા પહેલા **શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથના અધિષ્ઠાયક ધરણેન્દ્રદેવે** ભગવાનના ત્રિગડા ઉપર બેસીને સાક્ષાત દર્શન કરાવી શુભ શુકન આપ્યા અને ખુશનુમા વાતાવરણ વચ્ચે **ખનન વિધિ** સંપન્ન થઈ ત્યાં સુધી **ધરણેન્દ્ર દેવ હાજર રહ્યા હતા** જે આપણા આ સંકુલ માટે શુભદાયી થશે એવા આશીર્વચન **પ.પૂ. શ્રી આચાર્ય ભગવંતે** આપણને આપ્યા હતા. **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ નવગ્રહ જિનાલય** નિર્વિઘ્ને સમયસર પૂર્ણ થઈને જૈન શાસનનો જયજયકાર કરાવતી ધજા સાથે લોનાવાલામાં એક ભવ્ય ભક્તિનું ધામ બની જશે તેવા આશીર્વચન આપ્યા હતા.

**વિધિકાર શ્રી હેમુભાઈએ** પોતાનો અનુભવ જણાવતા કહ્યું હતું કે, **"મારા જીવનમાં ૨૬૦થી વધારે પ્રતિષ્ઠા અને ખનન વિધિ, શીલાન્યાસ વિગેરે કરાવ્યા છે. પણ આવો અદ્‌ભુત પ્રસંગ પ્રથમવાર મારા જીવનમાં બન્યો છે કે સાક્ષાત ધરણેન્દ્ર દેવ પધાર્યા હતા."** આ સાંભળીને મારી ટીમ એકદમ ઉત્સાહમાં આવી ગઈ હતી કે, **૮મી મે ના રોજ શીલાસ્થાપન** વિધિ આથી પણ વધારે સુંદર અને ઉત્કૃષ્ટ ભાવથી થાય જેથી વધુમાં વધુ પટણીઓ અહીંયા આવે અને આ જિનાલય આપણા સહુનું છે તેવી લાગણી અનુભવી શકે.

Cont. page 2

**આખરે તા. ૮ મી મે-ગુરુવારના રોજ શીલાસ્થાપનની શુભ ઘડી** અને મંગલવેળા આવી ગઈ. **પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ અક્ષયબોધી સૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં** અને સાધુ-સાધ્વીજી ભગવંતો સહીત ચતુર્વિધ સંઘની હાજરીમાં **સવારે ૧૦.૦૦ કલાકે** ધામધુમથી બેન્ડવાજા સાથે ગુરુભગવંતોનું સામૈયું કરવામાં આવ્યું. આપણી બહેનોએ માથે બેડા મુકીને ગુરુ ભગવંતની ત્રણ પ્રદક્ષિણા કરીને તેમના આર્શીવાદ લીધા હતા. મુંબઈથી લગભગ ૯૦ થી પણ વધારે પટણીઓ આ પ્રસંગમાં ભાવોલ્લાસ સાથે પધાર્યા હતા. **નવગ્રહ પૂજન, પાટલા પૂજન, દસ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન, શીલાન્યાસ વિધિ** વિગેરે વિગેરે આનંદોલ્લાસ સાથે સંપન્ન થઈ. સાહેબજીના ઉપદેશથી અને જૈન ધર્મના પ્રાચીન સમયના દાનવીર શ્રેષ્ઠીઓને યાદ કરીને **સર્વસાધારણ ખાતાની ટીપ શરૂ કરવામાં આવી જેમાં લગભગ રૂા. ૭૫ લાખના** નામ આવી ગયા. આ બધા દાનવીર દાતાઓની અનુમોદના કરીએ છીએ.

**બપોરે ૧૨.૩૬ મિનિટે શીલાસ્થાપન** વિધિ શરૂ કરીને **૧૨.૪૮ના શુભ મુહુર્તે** બધી જ શિલાનુ સ્થાપન અભુતપૂર્વ રૂપે, સુંદર રીતે પૂર્ણ થયું. પરમાત્માની અસીમ કૃપા હતી કે બરાબર એજ સમયે શીલાન્યાસની વિધિ ચાલતી હતી ત્યારે અમી છાંટણા થયા હતાં. સાહેબજીએ એમના પ્રર્વચનમાં આ જિનાલય દોઢ વર્ષમાં જૈન શાસનની ધજા ફરકાવતી થઈ જાય તેવી ભાવનાભાવી અને આશીર્વાદ આપ્યા હતા, અને કહ્યું હતું કે, **''આપણે જિનાલયની પ્રતિષ્ઠા પણ ઉત્કૃષ્ટ ભાવથી કરીશું.''**

લોનાવાલા જિનાલયના દેવદ્રવ્ય માટે પાટણના દરેક મહોલ્લાઓના ટ્રસ્ટીઓને ખાસ ખાસ અપીલ કરું છું કે, **રૂા. ૧૧.૭૦ લાખ અને રૂા. ૨૭ લાખ અને રૂા. ૫૪ લાખની સ્કીમમાં** લાભ લઈને આપણે સૌ પટણીઓ ગૌરવ લઈ શકીએ તેવું પ્રથમ વખત દેરાસર નિર્માણ કરવા માટે ભાવથી તેમનું યોગદાન આપે. સરકારના કાયદા મુજબ દરેક સંસ્થાએ આવેલ ફંડમાંથી ૮૫ ટકા રકમ વાપરી લેવી પડે છે અન્યથા ૩૦ ટકાનો ટેક્ષ લાગે છે તો આપણે આ ટેક્ષ ભરવામાંથી બાકાત રહીને આપણા પોતાના **નવગ્રહ જિનાલયને** સમયસર ઉભુ કરવા માટે સાથ અને સહકાર આપીને પુણ્યાનુંબંધી પુણ્ય ઉપાર્જિત કરીએ.

**અનાજ વિતરણનું** અતિ સુંદર કાર્ય ચાલુ થયું છે જેમાં જીવનજરૂરિયાતની દરેક આઈટમો આપવામાં આવી છે, ઘરે બેઠા દરેક પરિવારોને મોકલી આપવામાં આવી છે. ઉત્તમ ક્વોલિટીની સામગ્રી આપી છે. આ કાર્યને ખુબજ વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા બદલ **શ્રી સંજય રમેશચંદ્ર શાહ અને તેમની ટીમની જેટલી પ્રસંશા કરીએ તેટલી ઓછી છે.**

અનાજ વિતરણનું બજેટ વધ્યું છે આપ સૌ જાણો છો કે મોંઘવારી વધતી જાય છે તો દરેકે દરેક પટણીઓને વિનંતી કરું છું કે **રૂા. ૨ લાખની સ્કીમમાં** અવશ્ય લાભ લેવો જોઈએ. જીવન નિર્વાહ અને સમાજ ઉત્કર્ષની સ્કીમ ચાલું છે. જીવન નિર્વાહમાં **રૂા. ૩૧ લાખ, રૂા. ૨૧ લાખ અને રૂા. ૧૧ લાખની સ્કીમ છે. સમાજ ઉત્કર્ષમાં રૂા. ૫ લાખની સ્કીમ છે** આ સ્કીમમાં લાભ લઈને સમાજને સમૃદ્ધ બનાવવામાં સહાય કરીને આપનું જીવન ધન્ય બનાવીએ તેવી શુભેચ્છા.

આપ સૌને જણાવતા ખુબ ખુબ આનંદ અનુભવીએ છીએ **વર્ષ ૨૦૨૬ ફેબ્રુઆરી મહિનામાં વારાણસી - અયોધ્યા ખાતે છ દિવસની બાય ફ્લાઈટ** આવવા જવા સાથે ટુરનું આયોજન કરવાનું વિચારીએ છીએ. **આડત્રીસ કલ્યાણકોની આ ભૂમિ છે.** સૌ પુણ્યશાળીઓને દર્શન-પૂજા-ભક્તિ કરવાનો અત્યંત લાભ મળશે. વધુ વિગત આવતા અંકના પ્રતિબિંબ દ્વારા જાણવા મળશે.

**રવિવાર તા. ૧૫ જૂન, ૨૦૨૫ના સવારે ૧૦.૦૦ કલાકે** પાટકર હોલમાં **મ્યુઝિકલ પ્રોગ્રામનું** જમવા સાથે આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગત અંદરના પેજ ઉપર આપવામાં આવેલ છે.

**મિત્રો ! યાદ રાખજો કે માત્ર રૂપિયા વાપરવાથી આયોજનો નથી થતાં તેની સાથે ખુબજ મહેનત, યોગ્ય આયોજન, ટીમ વર્ક, સંપ એ તમામ ગુણ હોવા જરૂરી છે જે મારી ટીમે સાબિત કરી બતાવ્યું છે. તે માટે તેમને અભિનંદન.**

**પ્રભુ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા - ભક્તિ અને સમર્પણના કારણે જ ધાર્યા કરતા ઘણો સરસ અને નિર્વિઘ્ને આ પ્રસંગ પુરો થયો તે માટે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ચરણોમાં નતમસ્તકે વંદન.**

કદમથી કદમ મેળવી પ્રયાણ કરીએ.



ઝળહળતી પ્રગતિના પંથનું નિર્માણ કરીએ.

# શું તમારે કોલંબસ થવું છે કે કઠિયારા બનીને જીવવું છે ?

**તંત્રી સ્થાનેથી...**

**ભારતી શાહ**

**આ તો બીજમાંથી ફૂટી છે ડાળ**
**કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ..**
**જગદીશ જોષી...**

આપણે સૌ જાણીએ છીએ, સમજીએ છીએ કે **દરેક બીજમાં વૃક્ષ થવાની તાકાત છે પણ જીવનની કરૂણતા એ છે કે દરેક બીજ વૃક્ષ થઈ શકતું નથી, દરેક ગાય કામધેનું થઈ શકે જો એ ગાયની સારી રીતે માવજત કરવામાં આવે તો, દરેક વૃક્ષ કલ્પવૃક્ષ થઈ શકે જો માળી તેના બીજમાંથી જ તેનું યોગ્ય સિંચન કરે, સાર સંભાળ રાખે તો. પરંતુ પ્રત્યેક માણસે જ પોતાના કોલંબસ થઈને પોતાનો પ્રદેશ શોધવાનો છે. માણસમાં અપાર અને અગાધ શક્તિ છે, જરૂર છે પોતાની ભીતરની રહેલી શક્તિઓને પીછાણવાની.**

માણસ પોતે જ જો કોલંબસ થવાની બદલીમાં કઠિયારા જેવું જીવન જીવવા ઈચ્છતો હોય તો એનો કોઈ ઉપાય નથી. તેનું એક કારણ એ છે કે પ્રત્યેક **માણસ સુખના વનમાં સપનાઓની ભારી બાંધી દિવસે તારા જોઈને ફરતો રહે છે, માણસમાત્ર સુખના અહોભાવથી છલકાય છે અને દુઃખના ભાવથી પીડાય છે.**

'પ્રતિબિંબ'ના સુજ્ઞ વાચક મિત્રોના કરકમળમાં અહીં એક લોકકથા પ્રસ્તુત કરવાનું મન થયું છે આશા છે કે જરૂરથી ગમશે.

એક કઠિયારો હતો તે માત્ર ચંદનના લાકડાનો જ ભારો બાંધીને શહેરમાં વેચવા આવે. ગામડાના ગરીબોને તો આ ચંદનના લાકડા તો ચાલે જ નહીં અને શહેરના માણસોને પણ આ લાકડા મોંઘા લાગે તેથી ખરીદે નહીં. કઠિયારો પોતાની બેકારીથી થાકી ગયો. રસ્તામાંથી પસાર થતાં એક સમજુ માણસે એને સલાહ આપી કે, આમ તો તું ખલાસ થઈ જઈશ. આ તો રાજા મહારાજાને પરવડે તેમ છે જો રાજા મરે તો તારા લાકડા તરત જ વેંચાઈ જશે તો તું રાજમહેલની સામે જઈને બેસવાનું રાખ.

કઠિયારો તો પેલા માણસની સલાહથી રાજી થઈ ગયો તેના મનમાં નવી આશા જાગી અને રાજમહેલની સામે રોજ બેસવા લાગ્યો. મહેલની સામે જોતો જાય અને રાજા મરે તો હું જીવી શકું, તેમ મનમાં વિચારવા લાગ્યો. બીજી બાજું રાજા રોજ ને રોજ મહેલની બારીમાંથી આ કઠિયારાને જોયા કરે. એકવાર પોતાની જિજ્ઞાસા સંતોષવા પ્રધાનને કહ્યું કે, 'તપાસ કરો કે આ કઠિયારો રોજ અહીં કેમ બેસે છે ?' પ્રધાને કઠિયારા પાસે જઈને પૂછ્યું, ભોળા ભાવે નિખાલસતાથી કઠિયારાએ સાચું કારણ કહી દીધું કે, **'હું તો રાજાના મરણની રાહ જોઉ છું'** પ્રધાને રાજાને વાત કરી રાજાએ આમ તો આ વાત સાંભળી ન સાંભળી કરી, પણ પછીથી એવું બન્યું કે જ્યારે જ્યારે રાજા ઝરુખાની બહાર જુએ ત્યારે એને કઠિયારો નહીં, પણ પોતાનું મોત દેખાયા કરે. રાજા ધીમે ધીમે ગળવા લાગ્યો. શરીર નબળું પડતું ગયું. મન ઉદાસ રહેવા લાગ્યો. અનેક વૈદ્યરાજાને બોલાવ્યા દરેકનું નિદાન એક જ હતું કે નખમાં પણ રોગ નથી, પછી બીજા શહેરમાંથી એક મહાન વૈદ્યરાજને બોલાવ્યા. એમણે રાજાને જોયા. થોડાક દિવસ રાજમહેલમાં રહેવાની ઈચ્છા ફરમાવી રાજાએ તેમની વ્યવસ્થા કરી આપી. એક બે દિવસમાં તો વૈદ્યરાજે પ્રધાન પાસેથી કઠિયારાની વાત જાણી લીધી.

એક સવારે વૈદ્યરાજે રાજાની નાડ તપાસી, પછી નિદાન કરતા હોય તેવી અદાથી બોલ્યા, 'રાજા તમારો રોગ ઝડપથી જતો રહે એમ છે તમારે રોજ સવારે ચંદનનું તાજું દાતણ કરવાનું આ દાતણ ક્યાંથી મળે એની તપાસ કરાવો.' રાજશૈયા પર સૂતેલા મનોરોગી રાજાએ પ્રધાનને પોતાની પાસે બોલાવીને પેલા કઠિયારાની તપાસ કરવા કહ્યું.

રાજા માંદો છે એ જાણીને તો કઠિયારો મનમાં ખુબ રાજી થઈ જતો હવે તે રાજાના મૃત્યુની રાહ જોતો. પ્રધાન કઠિયારા પાસે આવ્યો અને મહેલમાં રાજવૈદ્ય પાસે હાજર કર્યો. વૈદે કઠિયારાને કહ્યું, **'તમારે રોજ સવારે રાજાને ચંદનનું તાજુ દાતણ આપવું અને એના બદલામાં તમને રોજની એક સોનામહોર મળશે.'**

કઠિયારો તો રાજીનો રેડ થઈ ગયો. હવે તો ધન, ધન અને નરી ધન્યતા, રોજ ચંદનનું તાજુ દાતણ રાજાને ત્યાં મોકલાવે અને રોજ મનોમન પ્રાર્થના કરે કે, **'હે ! ભગવાન આ રાજાને લાંબુ આયુષ્ય આપો તેઓ દિર્ઘાયું થાય,** બીજી તરફ ચંદનના દાતણથી રાજા ફરીથી સ્વસ્થ થવા લાગ્યો એના મનમાં પેસી ગયું કે **ચંદનનું દાતણ જ મારી જીવાદોરી માટે નિમિત્ત બન્યું છે.'**


સીધી સાદી લાગતી આ લોકકથા પાછળ જીવનના કેટલાંક સત્યો, મૂલ્યો ધબકે છે. એક કઠિયારો આપણી ભીતર જ બેઠો છે જે આપણને કોલંબસ બનવા નથી દેતો કઠિયારો આપણને સ્વાર્થી બનાવે છે આપણા સુખની કલ્પના આપણને અનુરૂપ એવા આપણા અહં જોડે સંકળાયેલી છે, જે આપણને કોલંબસની જેમ આપણાં અંતરાત્મા સુધી પહોંચતા અટકાવે છે. આપણી ભીતરમાં જ ચંદનનું સુગંધી વન છે પણ લોભ, લાલચ અને મોહમાયાના રાગથી કઠિયારા બનીને રહીએ છીએ.

**નિર્ણય આપણે જ લેવાનો છે કે, 'કોલંબસ બનીને સુગંધી ચંદન જેવા બનવું છે કે કઠિયારા જેવા બનવું છે ?'**

અસ્તુ...

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલય ખનન વિધિ







**વૈશાખ સુદ સાતમ, તા. ૪થી મે ના સવારે મુહૂર્ત મુજબ ૬.૦૨ મિનિટે લોનાવાલા ખાતે શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમમાં** નિર્માણાધિન **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્રશાહ નવગ્રહ જિનાલયનું ખનન વિધિનું** ખૂબ જ સુંદર રીતે **આચાર્ય ભગવંત મહાબોધિસૂરીશ્વરજી મ.સાહેબની** નિશ્રા અને ચતુર્વિધ સંઘની હાજરીમાં **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલી ડે હોમના** વિશાળ સંકુલ મધ્યે **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલયની ખનન વિધિ** કાર્યક્રમ ખુબ જ સુંદર રીતે સંપન્ન થયો. જ્યારે આવા કોઈ ઉત્કૃષ્ટ કાર્ય કરવાના હોય ત્યારે આપણી પરીક્ષા થતી હોય છે. તે સમયે એક અણધારી ચમત્કારિક ઘટના બની હતી. સવારે ચાર કલાકે જ્યાં વિધિ કરવાની હતી તે જગ્યાએ આપણી ઓફિસનો દરવાજો ખોલતા જ **ભગવાનના ત્રિગડા ઉપર સાક્ષાત ધરણેન્દ્ર દેવ હાજર રહ્યા હતા** અને વિધિકાર અને આચાર્ય ભગવંતના જણાવ્યા મુજબ આ ખુબ શુકનવંત સમય હતો. **નવગ્રહ પાટલા પૂજન** ચાલતું હતું ત્યારે પણ સમગ્ર પરિસરમાં વરસાદના અમી છાંટણા થયા હતા. આખું વિધિ વિધાન નિર્વિઘ્નપણે ખુબ જ સુંદર રીતે સંપન્ન થયું હતું. સૌને એવું લાગ્યું કે **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાને** આપણા ઉપર અમી દ્રષ્ટિ રાખીને કૃપા વરસાવી છે.

મુખ્ય લાભાર્થી **શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ, શ્રીમતી શિલ્પાબેન તથા શ્રી હેમચંદ્રભાઈ જીવણલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી), સેક્રેટરી શ્રી દેવેશભાઈ આર. શાહ, શ્રી ભાવિકભાઈ બી. શાહ, શ્રી મિતેશભાઈ, શ્રી જીગરભાઈ, શ્રી પરાગભાઈ, શ્રી કમલભાઈ** વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલય શીલાસ્થાપન વિધિ

પ્રભુ શાસનના પ્રભાવે **પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી મુક્તિવલ્લભસૂરિશ્વરજી મ.સાની** નિશ્રામાં લોનાવાલા ખાતે **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ હોલિ ડે હોમના** વિશાળ સંકુલ મધ્યે નિર્માણાધિન **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલયની** શીલાસ્થાપન વિધિ **પ.પૂ. આચાર્ય શ્રી અક્ષયબોધી સૂરીશ્વરજી મ.સા.ની** પાવન નિશ્રામાં **વૈશાખ સુદ ૧૧, ગુરુવાર તા. ૦૮ મે ૨૦૨૫ના બપોરના મૂહુર્ત ૧૨.૪૮ મિનિટે શીલાસ્થાપન** વિધિનો કાર્યક્રમ સંપન્ન થયો.

સવારે **જયાનંદ ધામ** ખાતે ઉપસ્થિત રહેલા સર્વે લાભાર્થીઓએ દર્શન, પૂજા અને નવકારશીનો લાભ લીધા બાદ **હોલી ડે હોમ** ખાતે પહોચ્યા હતા. ત્યા આગળ **પૂ. ગુરુ ભગવંતો અને પૂ. સાધ્વીજી ભગવંતોનું બેન્ડવાજા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.** બહેનોએ માથે બેડા મુકીને ત્રણ પ્રદક્ષિણા લઈને **ગુરુભંગવંતોને વધાવ્યા હતા.** વાજતે ગાજતે સૌ રંગમંડપમાં પહોંચ્યા હતા. ત્યારબાદ ગુરુવંદન વિધિ કરવામાં આવી હતી. **અંજન શલાકા** વિધિકારભાઈ **શ્રી હેમચંદ્ર જેઠાલાલ શાહ** તથા સંગીતકાર **શ્રી હેમુભાઈ શાહ** અને તેમની ટીમે પૂ. ગુરુ ભગવંતની આજ્ઞાથી સૌ પ્રથમ પાટલા પૂજન વિધિ શરૂ કરી હતી. લાભાર્થી પરિવારોએ **નવગ્રહ પૂજન, દસ દિક્પાલ પૂજન, અષ્ટમંગલ પૂજન** વિગેરે કરવાનો લાભ લીધો હતો. બરાબર બપોરે **૧૨.૩૬ મિનિટે શીલાસ્થાપન વિધિ** શરૂ કરવામાં આવી હતી અને **૧૨.૪૮ મિનિટે બધીજ શીલાનું સ્થાપન** થઈ ગયું તે સમયે અમી છાંટણા થયા હતા. પૂ. ગુરુ ભગવંતે પોતે સાથે રહીને બધી શિલા ઉપર **વાસક્ષેપ** નાખીને **મંત્રોચ્ચાર** સાથે શીલાન્યાસ વિધિ ખૂબ ભવ્યાતિ ભવ્ય રૂપે પૂર્ણ કરાવી હતી. **''ૐ નમો જિણાણં''**ના મંત્ર સાથે એ સમયે આખો રંગ મંડપ ભક્તિના રંગમાં રંગાઈ ગયો હતો.

શીલાન્યાશ બાદ પૂ. ગુરુ ભગવંતે પોતાના પ્રવચનમાં જૈન શાસનના મહાન શ્રેષ્ઠિઓ જેઓએ આબુ દેલવાડામાં, પાટણમાં પંચાસરા જિનાલય જેવા અન્ય અદ્‌ભુત તીર્થો બનાવ્યા છે. તેવા અનેક શ્રેષ્ઠિઓના પ્રસંગો કહીને ખૂબજ પ્રેરણા આપી હતી અને લોનાવાલાનું આ જિનાલય આબુ દેલવાડાની જેમ સંગેમરમરનું છે તેવું ભવ્ય આરસ અને **નવગ્રહ રત્નોજડિત પ્રતિમા** સાથે એવું ભવ્ય બનાવો કે જિનશાસનનો અને જૈન ધર્મનો ચારે તરફ જયજયકાર થાય, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો પણ રસ્તામાં આવતા જતાં વિહાર કરતા અહિયા પધારે જેનો ઉત્કૃષ્ટ લાભ તમારા સંઘને મળે. **જિનાલયના મુખ્ય દાતાશ્રી શ્રી દાનેશભાઈ** અને અન્ય પ્રતિમાજીના લાભાર્થી પરિવારોની ખુબ ખુબ અનુમોદના કરીએ.

ત્યારબાદ ગુરુ ભગવંતે સર્વ સાધારણ ખાતા માટે ઉછામણી બોલવાતા **રૂા. ૫,૫૫,૦૦૦/-, રૂા. ૩,૩૩,૦૦૦/- અને રૂા. ૨,૨૨,૦૦૦/-ની રકમ જાહેર કરતા લગભગ અઢાર પરિવારોએ લાભ લીધો છે.**

ત્યારબાદ **શાંતિકળશ અને આરતી મંગળ દીવો** અને વિધિ પુરી થયા બાદ ઉપસ્થિત પરિવારોને **પ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાલા તરફથી ચાંદીના મોમેન્ટોની પ્રભાવના** કરવામાં આવી હતી અને બોમ્બે મસાલા હોટલમાં લંચ લઈને સૌ છૂટા પડ્યા હતા.

| | |
|---|---|
| **શ્રી ગીતાબેન રાકેશકુમાર શાહ** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રેષ્ઠીવર્ય સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી** | |
| **શ્રી એસ.કે. પરિવાર** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રી કેતકીબેન દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રીમતી પ્રવિણાબેન પ્રદિપકુમાર રમણલાલ શાહ** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રીમતી લિલાવતીબેન રેવંતિલાલ શાહ** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા** | **રૂા. ૫,૫૫,૦૦૦/-** |
| **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ શાહ (માટલીવાલા)** | **રૂા. ૩,૩૩,૦૦૦/-** |
| **શ્રી સંદિપભાઈ કીર્તિલાલ બાલુભાઈ શાહ** | **રૂા. ૩,૩૩,૦૦૦/-** |
| **શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ** | **રૂા. ૩,૩૩,૦૦૦/-** |
| **શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી** | **રૂા. ૩,૩૩,૦૦૦/-** |
| **શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિંમતલાલ શાહ** | **રૂા. ૨,૨૨,૦૦૦/-** |
| **શ્રીમતી કલાવતીબેન જયરાજકુમાર ઝવેરી** | **રૂા. ૨,૨૨,૦૦૦/-** |
| **મે. નેહજ એન્ટરપ્રાઈઝ** | **રૂા. ૨,૨૨,૦૦૦/-** |
| **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** | **રૂા. ૨,૨૨,૦૦૦/-** |
| **શ્રીમતી શિલ્પાબેન પંકજકુમાર ગુલાબચંદ શાહ** | **રૂા. ૨,૨૨,૦૦૦/-** |



# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલય શીલાસ્થાપન વિધિ
















































# શું તમને ભગવાન પર શ્રદ્ધા છે ?



પ્રતિબિંબના સુજ્ઞ વાચકોના કરકમળમાં આ લેખ મુકતા આનંદ થાય છે.

વાત કરવી છે, **જૈન ધર્મ દર્શને શ્રદ્ધાનો કેવો મહિમા કર્યો છે.** સાધકના જીવનમાં અનેકવાર એની શ્રદ્ધાની અગ્નિપરીક્ષા કરે એવા પ્રસંગો આવતા હોય છે, ક્યારેક કોઈ સાધકના મનમાં એવી શંકા પણ જાગે છે કે, **'જેના પર હું શ્રદ્ધા રાખીને બેઠો છું તે ખરેખર યોગ્ય છે કે નહીં ?'** કેટલીક વ્યક્તિઓના ચિત્તની ચંચળતા જ એવી હોય છે કે એમની શ્રદ્ધા એક સ્થાને સ્થિર રહી શકતી નથી.

ચંચળ વ્યક્તિનું મન ઘણીવાર તોફાનમાં ડોલતા વહાણની જેમ ડોલવા લાગે છે અને **જો વ્યક્તિ સાવધ ન હોય તો દરિયામાં એનું વહાણ ડૂબી જાય છે.** સાધકની શ્રદ્ધામાં એની ગ્રંથિ પણ આડે આવતી હોય છે, માનવીના મનમાં એના સામાજિક વ્યવહારથી અનેક ગાંઠો બંધાયેલી હોય છે અને હવે જ્યારે સામાજિક વ્યવહારનો પ્રશ્ન આવે, વર્ષોથી જે રિવાજનું કુટુંબમાં પાલન થાય છે એનો સવાલ આવે, ત્યારે એની શ્રદ્ધા ડગમગે છે. આમ મનમાં સહેજે શંકા રાખ્યા વગર શ્રદ્ધાથી આરાધના કરવી એવું જૈન ધર્મનું પ્રથમ આગમ **'શ્રી આચારાંગસૂત્ર'** છે તેમાં જૈન ધર્મમાં શ્રદ્ધાની દ્રઢતા દર્શાવતી અનેક ઘટનાઓ જોવા મળે છે. વાત કરીએ **ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મહારાજની.**

આશરે **ઈ.સ. ૧૭૫૦માં** તેઓની નિશ્રામાં **ખેડાથી શ્રી શંખેશ્વર તીર્થનો છ'રી પાલિત** સંઘ નીકળ્યો હતો તે સમયે શંખેશ્વર ગામ પર સત્તા ધરાવતો રાજવી એક ગીનીનો કર લઈને યાત્રાળુઓને મૂર્તિના દર્શન કરવા દેતો હતો. ખેડાના સંઘને શંખેશ્વર પહોંચતા વિલંબ થતાં રાજવીના હુકમથી પૂજારીએ દરવાજો ખોલવાનો ઈન્કાર કર્યો. **શ્રી ઉદયરત્નજી મહારાજ** અને સંઘના સહુ શ્રાવક-શ્રાવિકાઓએ તો એવી પ્રતિજ્ઞા લીધી હતી કે, **શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવાનના દર્શન** કરીને જ અન્નજળ લેશે. મુનિરાજ અને આખોય સંઘ દ્વાર પાસે ઊભો રહ્યો અને **મુનિ ઉદયરત્નના અંતરમાંથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ સરી પડી –**

***''પાસ શંખેશ્વર ! સાર કર સેવકા,***
***દેવ કા એવડી વાર લાગે ?***
***કોડી કર જોડી, દરબાર આગે ખડા,***
***ઠાકુરા ચાકુરા માન માગે ! પ્રગટ થા પાસજી...''***

કહીને દ્વાર ખોલવાની વિનંતી કરી. આ સ્તુતિથી પ્રભુના **અધિષ્ઠાયક નાગરાજ પ્રસન્ન થયા** અને **દેરાસરના દ્વાર ઉઘડી** ગયા. ચોતરફ હર્ષધ્વનિ ગાજી ઉઠી. આખાય સંઘે ભાવપૂર્વક દર્શન-પૂજન કર્યા આ ઘટનાને પરિણામે ગામનો રાજવી મુનિરાજના ચરણમાં પડ્યો અને **શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથની મૂર્તિ એણે શ્રી સંઘને સોંપી દીધી આમ પાર્શ્વનાથ ભગવાન પરની શ્રદ્ધાએ તીર્થના દ્વાર ખોલી દીધા** અને સહુએ ભાવપૂર્વક દર્શન-પૂજન કર્યા.

શ્રદ્ધા વિશેનું એક બીજું માર્મિકસૂત્ર **'શ્રી આચારાંગસૂત્ર'માં** જ મળે છે. એમાં કહ્યું છે, **'શંકાશીલ વ્યક્તિને ક્યારેય સમાધિ મળતી નથી.' જો શ્રદ્ધા ન હોય અને શંકા રહે તો જીવનમાં ક્યારેય સમાધિ આવતી નથી. સાચી આરાધના થતી નથી અને પછી એવું બને કે ક્યાંક અરિહંત પર શ્રદ્ધા રાખીને બેઠેલી વ્યક્તિ કોઈ ચમત્કારિક માયાજાળી સંતની ઉપાસના કરવા લાગે અને ત્યારે એ વિચારતો હોય છે કે, 'અરિહંત તો મને કંઈ આપતા નથી અને આ સાધુ, આ સંત તો મને લક્ષ્મી, પ્રમોશન, સંતાન, વૈભવ બધુ જ આપે છે'**

આમ શંકાશીલ વ્યક્તિ શ્રદ્ધા પર સ્થિર રહી શકતો નથી અને પરિણામે એની સઘળી સાધના તો નિષ્ફળ જાય છે પરંતુ એથી વિશેષ સાચી શાંતિથી એ દૂર ચાલ્યો જાય છે.

**શ્રદ્ધા એ મનુષ્યની આનંદપૂર્ણ સ્વીકૃતિની સાથોસાથ એનામાં પૂજ્ય બુદ્ધિનો સંચાર કરે છે આ રીતે સાચી શ્રદ્ધા વ્યક્તિના ચિત્તને દ્રઢ હોવી જોઈએ.**

**સંકલન....**

શ્રી પાટણ જૈન મંડળ સંસ્થાના ૧૧૨ વર્ષના ઈતિહાસમાં

# શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ

(શ્રેષ્ઠીવર્ય શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી, કુંભારીયા પાડો) તરફથી

અનુમોદના **રૂપિયા ૧૨.૪૮ કરોડના** અનુમોદના

અભૂતપૂર્વ દાનની જાહેરાત કરવામાં આવી હતી.

ત્યારબાદ સંસ્થાની અનેકવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓથી અભિભૂત બની

વધુ **રૂપિયા ૨.૬૩ કરોડના** દાનની જાહેરાત થતાં



## કુલ રૂપિયા ૧૫.૧૧ કરોડનું અભૂતપૂર્વ દાન



રૂા. ૧૦ કરોડ લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતા

રૂા. ૧.૨૫ કરોડ સૌરભ મેડિકલ હેલ્થકેર

રૂા. ૧.૦૮ કરોડ મરીનડ્રાઈવ કોમ્યુનિટી હોલ

રૂા. ૧૫ લાખ નૂતન પ્રાથમિક શાળા-વિજ્ઞાન લેબોરેટરી - પાટણ

રૂા. ૫૨ લાખ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ વેલફેર ફંડ (૩જી સપ્ટેમ્બર માટે)

રૂા. ૫૦ લાખ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ App (મંડળની એપ સાથે નામ જોડવા)

રૂા. ૫૦ લાખ શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ ભાઈબીજ પ્રોગ્રામ

રૂા. ૫૦ લાખ સમાજ ઉત્કર્ષ ફંડ • રૂા. ૧૫ લાખ સિદ્ધહેમ જ્ઞાન પીઠ

રૂા. ૨૫ લાખ શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલય લોનાવાલા દેવદ્રવ્ય

રૂા. ૧૧ લાખ શંખેશ્વર પાર્શ્વનાથ નવગ્રહ જિનાલય લોનાવાલા સર્વસાધારણ

રૂા. ૧૦ લાખ અનાજ વિતરણ યોજના

**શાસન રત્ન શ્રેષ્ઠીવર્ય શ્રી રાકેશકુમાર કાંતિલાલ શાહ, અમદાવાદ - મુંબઈ**



## શ્રી પાટણ જૈન મંડળ

## હોલી ડે હોમ લોનાવાલા

# LONAVALA PROJECT DONOR

**લોનાવલા પ્રોજેક્ટના મુખ્ય દાતાશ્રી**

**Rs. 10 Cr.**

**શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ**

**(શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહની સુપુત્રી - કુંભારીયા પાડો)**

**દેરાસરના મુખ્ય લાભાર્થી**

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

**Rs. 5.25 Cr.**

**મલ્ટી પરપઝ હોલના સંપૂર્ણ લાભાર્થી**

**શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

**Rs. 4.00 Cr.**

**Rs. 1.25 Cr. સાધુ ભગવંતના ઉપાશ્રયના લાભાર્થી**

શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો) / શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી)
હ. શ્રીમતી સોનલબેન રવીભાઈ શાહ

**Rs. 1.25 Cr. સાધ્વી ભગવંતના લાભાર્થી**

- શ્રી કીર્તિલાલ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) - શ્રીમતી રંજનબેન (બચુભાઈ) શાહ (વાસુપૂજ્યની શેરી)
હ. શ્રીમતી તેજુબેન અને શ્રીમતી રંજનબેન

**Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી પરિવાર) (સાલવી વાડો)
- શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ ( કેશુશેઠનો પાડો)
- શ્રીમતી વસુમતીબેન સેવંતિલાલ શાહ (ચિતારાની ખડકી) / શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
હ. શ્રીમતી કામીનીબેન શરદભાઈ શાહ
- શ્રી હેમચંદ્રભાઈ જીવનલાલ શાહ (કસુંબીયા વાડો)
- શ્રીમતી પ્રજ્ઞાબેન દીપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
- શ્રીમતી આશીતાબેન સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)
- શ્રી દાનેશભાઈ, શ્રી હેમંતભાઈ, એક સદ્‌ગૃહસ્થ

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

- શ્રી ધવલભાઈ દીપકભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રીમતી કાંતાબેન ચંદુલાલ પત્રાવાલા હ. શ્રીમતી ભારતીબેન ગીરીશભાઈ શાહ (પત્રાવાલા) (ચિતારાની ખડકી)
- શ્રીમતી નિરંજનાબેન પ્રફુલભાઈ શાહ હ. શ્રીમતી દીપાબેન નિલેશભાઈ શાહ (બ્રાહ્મણવાડો)
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત ચીમનલાલ શાહ - હ. શ્રીમતી પીંકી ધીરેનભાઈ શાહ, શ્રીમતી પલ્લવી અમીતભાઈ, શ્રીમતી આશિતાબેન ભુપેનભાઈ (પોળની શેરી)

## Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :

- અંબિકા દેવી - શ્રી વિરલભાઈ રાજેન્દ્રભાઈ ચંપકલાલ ઝવેરી-મરીનડ્રાઈવ (મનમોહનજીની શેરી)
- મહાલક્ષ્મી માતા - શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજી ની શેરી)

## લોનાવાલા હોલી ડે હોમ : Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :

- શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ શાહ (મશરુવાલા) - હ. શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (કુંભારીયા પાડો)
- માતુશ્રી વિમળાબેન કાંતિલાલ શાહ - હ. શ્રીમતી ગુણવંતીબેન અરવિંદભાઈ શાહ (ખેતરવસી)
- શ્રીમતી મધુબેન વર્ધમાનભાઈ સાંડેસરા - હ. શ્રીમતી દર્શનાબેન અમીતભાઈ શાહ (કેશુશેઠનો પાડો)
- શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ રમેશચંદ્ર શાહ (ડંકમહેતાનો પાડો)

## Rs. 15 Lc એક રૂમના સંયુક્ત લાભાર્થી રહેશે :

- શ્રીમતી બીનાબેન દીપકભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ (મલ્લાતનો પાડો)
- શ્રીમતી સેજલબેન મનીષભાઈ મજીઠીયા (ખેતરપાળનો પાડો)
- શ્રીમતી વીરમતીબેન જિતેન્દ્રભાઈ શાહ (ભાભાનો પાડો)
- શ્રી બીપીનચંદ્ર ભોગીલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)
- શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી દર્શનભાઈ રવિન્દ્રભાઈ શાહ (ખજુરીનો પાડો)
- શ્રી નવનીતલાલ મણિલાલ શાહ - હ. શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)
- શ્રી ધીરેનભાઈ મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી)
- શ્રી સુરેશભાઈ હિંમતલાલ શાહ - હ. શ્રી મિતેશભાઈ સુરેશભાઈ શાહ (શામળાજીની શેરી)
- શ્રીમતી રમીલાબેન કીરીટભાઈ મહાસુખલાલ શાહ (નંદરબારવાલા) (ડંકમહેતાનો પાડો)
- શ્રીમતી ભાનુબેન ગુલાબચંદ શાહ - હ. શ્રીમતી શિલ્પાબેન પંકજભાઈ શાહ (કનાસાનો પાડો)
- શ્રી સંજયભાઈ દિનેશભાઈ શાહ - હ. શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (સિદ્ધચક્રની પોળ)
- શ્રીમતી સુષ્મિતાબેન સુધીરભાઈ શાહ - હ. શ્રી સંજયભાઈ સુધીરભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
- શ્રી જતીનભાઈ ભગવાનદાસ શાહ - હ. શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ (ખેતરવશી)
- શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ - હ. શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ (લખિયારવાડો)
- શ્રીમતી પારૂલબેન રાજેશકુમાર શાહ - હ. શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
- શ્રીમતી ઉષાબેન વિજેન્દ્રભાઈ પટણી - હ. શ્રીમતી ડિમ્પલબેન જીગરભાઈ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી સુધાબેન મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ પરિવાર - હ. શ્રી નીતિનભાઈ, શ્રીમતી સેફાલી, શ્રી પરીન શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી રેણુકાબેન રજનીકાંત મણિલાલ શાહ (નિશાળનો પાડો)
- શ્રીમતી પરેશાબેન મહેશભાઈ રમણિકલાલ શાહ (જીવદયા વાળા) (કપુરમહેતાનો પાડો)

# LONAVALA PROJECT SCHEME

## Rs. 1 + 0.25 = 1.25 Cr. મુખ્ય આધાર સ્થંભ લાભાર્થી

**જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાંએ નામ આવશે.**
**૯૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે.**
**તેમજ સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.**
**આ સ્કીમમાં ગભારાના ભગવાન ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ મળશે,**
**જેના રૂા. ૨૫ લાખ રહેશે જેમાંથી રૂા. ૧૫ લાખ મૂર્તિ ભરાવવાના તથા**
**પ્રતિષ્ઠાના લાભના અને રૂા. ૧૦ લાખ સર્વસાધારણમાં વપરાશે.**

# LONAVALA PROJECT SCHEME

**Rs. 50+13 = 63 Lc સહયોગી આધાર સ્થંભ લાભાર્થી :**

જેમાં દાતાશ્રીનું યોગ્ય જગ્યાએ નામ આવશે,
૪૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને
રહેવા મળશે તેમજ સાથે સગા-વ્હાલાને પણ રહેવા આપી શકાશે.
આ સ્કીમમાં એક ભગવાન ભરાવવાનો
અને પ્રતિષ્ઠાનો લાભ મળશે, જેના રૂા. ૮ લાખ અને ૫ લાખ સર્વસાધારણમાં વપરાશે.

**Rs. 30 Lc એક રૂમના લાભાર્થી :**

જેમાં રૂમ ઉપર દાતાશ્રીનું નામ આપવામાં આવશે
સાથે ૩૦ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 15 Lc એક રૂમના બે લાભાર્થી રહેશે :**

જેમાં એક રૂમ ઉપર બે દાતાશ્રીઓના નામ આપવામાં આવશે
સાથે ૧૫ દિવસ Maintenance Cost થી એક રૂમ દાતાશ્રીને રહેવા મળશે
તથા સગા-વ્હાલાને પણ રહેવા આપી શકશો.

**Rs. 2.25 Cr** ડાયનીંગ હોલ Grand
**Rs. 1.50 Cr** એન્ટ્રન્સ લોબી
**Rs. 1.25 Cr** ક્રિકેટ ગ્રાઉન્ડ
**Rs. 1.25 Cr** લેન્ડસ્કેપ એરિયા
**Rs. 1.25 Cr** હોલ (૨૦૦ વ્યક્તિ માટે)
**Rs. 63 Lc** હોલ (૧૦૦ વ્યક્તિ માટે)
**Rs. 30 Lc** વ્યૂવિંગ ગેલેરી

૫૦ લાખથી વધારે રકમના લાભાર્થીઓ / દાતા શ્રીઓને અન્ય લાભ આપવામાં આવશે
તો વ્યક્તિગત અમારો સંપર્ક કરવા વિનંતી કરીએ છીએ.

દાતા શ્રીઓને એમનું દાન બે વર્ષમાં હપ્તેથી ભરવાનો લાભ મળશે સાથે 80G સર્ટિફિકેટ પણ મળશે.

જે કોઈને લાભ લેવો હોય તે 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ આપવામાં આવશે.

**નીચે જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા**

શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પ્રમુખ : ૯૯૩૦૮૯૧૯૮૫
શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી - પ્રથમ ઉપપ્રમુખ : ૯૮૨૦૦૪૮૩૬૭
શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (જેડી.) - ઉપપ્રમુખ : ૯૩૨૨૨૨૭૨૦૯
શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ - માનદમંત્રી : ૯૮૬૯૩૩૩૭૧૬

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતી આયોજિત

### શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણિલાલ ઝવેરી (સાહેબા)




**રવિવાર, તા. ૧૫ જૂન, ૨૦૨૫**
**સવારે ૧૦.૦૦ કલાકેથી...**

સ્થળ : પાટકર હોલ, ન્યુ મરીનલાઇન્સ, મુંબઇ - ૨૦ (વેલેટ પાર્કિંગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.)
લંચ : સુંદરાબાઇ હૉલ, ન્યુ મરીનલાઇન્સ, મુંબઇ - ૨૦

ડોનેશન પાસના દર ૫૦૦ (રો સાથે ફિક્સ સીટ) ૩૦૦ તથા ૨૦૦ (વહેલો તે પહેલોના ધોરણે બેસવાનું રહેશે)
શ્રી પાટણ જૈન મંડળ - મુંબઈ, ગોરેગામ, બોરીવલી, ભાયંદર ઓફિસમાંથી મેળવી લેશો.


સમય, શિસ્ત અને સિસ્ટમને સાચવીને ચાલનારો ક્યારેય નિષ્ફળ નહીં જાય. આપણી ઘણી બધી નિષ્ફળતાની પાછળ આ ત્રણ સૂત્રો પ્રત્યેની બેદરકારી છે. સમય ચૂકે તે ટ્રેન ચૂકે... ટ્રેન એટલે બધા જ ક્ષેત્રોમાં તે ચૂકી જવાની. શિસ્ત ચૂકે તેને ટ્રેનિંગ નહીં મળે અને ટ્રેનિંગ વગર એને કયા ક્ષેત્રમાં પ્રવેશ મળશે ? ને સિસ્ટમ તોડે તે ક્યારેય ટોપર નહીં બને એને ચાન્સ જ નહીં અપાય.


શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**
મેળવો ત્રણ ત્રણ લાભ


- સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન
- સાધર્મિક ભક્તિ
- મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.


વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઇ જશવંતલાલ શાહ – મો. ૯૮૨૧૦૩૫૦૧૧
સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ✳ મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ

ADVT

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન



## શ્રી પાટણ જૈન સંઘ ફાઉન્ડેશન નિર્મિત

**લોનાવાલા મધ્યે રત્નમય નવ ગ્રહ**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં ભવ્યાતી ભવ્ય**
**દેવદ્રવ્યનો લાભ લેવાનો અમૂલ્ય અવસર**

* રંગમંડપમાં નામ આપવાના — રૂા. ૨,૦૭,૦૦,૦૦૦/-
(અંકે રૂા. બે કરોડ સાત લાખ)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

* ચાર ગભારા ઉપર નામ આપવાના — રૂા. ૧,૦૮,૦૦,૦૦૦/-
(અંકે રૂા. એક કરોડ આઠ લાખ) (પ્રત્યેકના)
દહેરાસરોના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ નામ લખવામાં આવશે.

**પાંચ ગભારાનું જિનાલય છે જેમાં મુખ્ય ગભારાનો લાભ અપાઈ ગયેલ છે.**

* દહેરાસરના પ્રવેશ દ્વારની બાજુમાં યોગ્ય જગ્યાએ સ્કીમ મુજબ ગોલ્ડન શાહીથી નામ લખવામાં આવશે.

(૧) ડાયમંડ સ્કીમ - (રત્નમય આધાર સ્થંભ) ૫૪ લાખ
(૨) ગોલ્ડ સ્કીમ - (સુવર્ણ આધાર સ્થંભ) ૨૭ લાખ
(૩) સિલ્વર સ્કીમ - (રજત આધાર સ્થંભ) ૧૧.૭૦ લાખ

તા.ક. ઉપરોક્ત દેવ દ્રવ્યની રકમ ૨૪ મહિનાની અંદર સરળ હપ્તેથી આપવાના રહેશે.

❊ નમ્ર અપિલ ❊

પાટણના સર્વ જિનાલયોના ટ્રસ્ટીઓને જણાવવાનું કે આપણા
આ નૂતન જિનાલયમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

# સાધર્મિક ભક્તિ એ જ સર્વોત્તમ પ્રિતી

## -: રૂા. ૨,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતાઓ :-



શ્રીમતી દેવિન્દ્રાબેન ભરતભાઈ શાહ
(કેશુશેઠનો પાડો)




શ્રીમતી કેતકીબેન દાનેશભાઈ શાહ
(કનાસાનો પાડો)



શ્રીમતી નિજલબેન દેવેશભાઈ શાહ
(વખતજીની શેરી)



શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ
(કપુરમહેતાનો પાડો)



શ્રી હિતેનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી
(કુંભારીયા પાડો)



શ્રીમતી કુસુમબેન કાંતિલાલ તેલિયાવાળા
(મનમોહનજીની શેરી)



શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ
(પોળની શેરી)



શ્રીમતી મોનિકાબેન સંજયભાઈ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રી વ્રજલાલ અંબાલાલ શાહ
(ચિતારાની ખડકી)



શ્રીમતી સુભદ્રાબેન વ્રજલાલ શાહ
(ચિતારાની ખડકી)



શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ
(કુંભારીયા પાડો)



શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ
(મણિયાતી પાડો)



શ્રીમતી રચનાબેન વિક્રમભાઈ નગરશેઠ
(મણિયાતી પાડો)



શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ
(અબજી મહેતાનો પાડો)



શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ
(અબજી મહેતાનો પાડો)




# Shree Patan Jain Mandal

## SAURABH MEDICAL HEALTH CARE (Goregaon)

### We Welcome Donors for the following Department

| | | |
|---|---|---|
| • Physiotherapy | ... | 1.25 Cr |
| • Dental | ... | 1.00 Cr |
| • ENT | ... | 1.00 Cr |
| • Pediatric | ... | 1.00 Cr |
| • Homeopathy | ... | 0.50 Cr |
| • Ayurvedic | ... | 0.50 Cr |

**Contact for Donation**

Shri Daneshbhai Vinodchandra Shah : Mo. 9930891985

Shri Hemantbhai Kantilal Salvi : Mo. 9820048367

**50 Lc** — **DERMATOLOGY DEPARTMENT**
Shri Narendrabhai Kantilal Khandwala (USA)

**25 Lc** — **DR. REPORTING ROOM**
Smt. Bhanuben Sureshchandra Himatlal Shah
Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben

**25 Lc** — **WAITING AREA**
Shri Shirishbhai Mafatlal Zaveri
Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar

**25 Lc** — **RECEPTION ROOM**
Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon)

**25 Lc** — **CONFERENCE ROOM**
Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara

**25 Lc** — **OPG SECTION**
Smt. Pravinaben Mahendrabhai Sandesara
Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara

**25 Lc** — **GASTROENTEROLOGY**
Shri. Jatinbhai Bhagwandas Shah
Haste: Smt. Ninaben Jatinbhai Shah

**25 Lc** — **CHEST MEDICINE**
Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani

**25 Lc** — **GERIATRIC DEPARTMENT**
Smt. Kinnariben Dipakbhai Shah

**25 Lc** — **ALZHEIMER & DEMENTIA**
Smt. Kiranben Pravinbhai Shah (USA)

# શ્રી પાટણ જૈન મંડળ
## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | |
|---|---|
| 5.25 Cr | **MAIN DONOR OF PROJECT**<br>Smt. Arunaben Babulal Chhotalal Shah |
| 4.00 Cr | **CO. DONOR OF PROJECT**<br>Smt. Pannaben Kapoorchand Sonawala |
| 5.50 Cr | **2000 SQ.FT PROPERTY**<br>Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah |
| 2.50 Cr | **CARDIOLOGY DEPARTMENT**<br>Late. Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste:Shri Bhupendrabhai, Shri Ashwinbhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri |
| 1.50 Cr | **PATHOLOGY DEPARTMENT**<br>Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) |
| 1.25 Cr | **SONOGRAPHY DEPARTMENT**<br>Smt. Geminiben Hemantbhai Kantilal Salvi |
| 1.25 Cr | **DIALYSIS CENTRE**<br>Shri Shantilal Nagindas Shah (Shubh Trust) |
| 1.25 Cr | **GENERAL SURGERY**<br>Smt. Vasumatiben Sevantilal Ambalal Shah |
| 1.25 Cr | **X-RAY DEPARTMENT**<br>Smt. Geetaben Rakeshkumar Shah - D/o. Shri Seventilal Khemchand Shah<br>Prerit : Shri Janakbhai Arvindkumar Shah |
| 1 Cr | **OPHTHALMOLOGY DEPARTMENT**<br>Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar |
| 50 Lc | **ORTHOPEDIC CENTRE**<br>Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri |
| 50 Lc | **GYNECOLOGY CENTRE**<br>Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah |
| 50 Lc | **SADHU BHAGWANT ROOM**<br>Smt. Neelaben Ashokbhai Popatlal Shah |
| 50 Lc | **SADHVIJI BHAGWANT ROOM**<br>Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah |
| 50 Lc | **MAMMOGRAPHY DEPARTMENT**<br>Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri |
| 50 Lc | **GENERAL CONSULTING**<br>Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar |
| 50 Lc | **INTERNAL MEDICINE**<br>Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust • Babu Nanakchand Poonamchandji Trust |
| 50 Lc | **DIABETIC DEPARTMENT**<br>Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah |

# પુલનો રખેવાળ

પરદેશમાં એક મોટી નદી પર એક પુલ હતો. એના પર ટ્રેનના પાટા પાથરેલા હતા. એના પરથી પેસેન્જર ટ્રેન્સ તેમજ માલગાડીઓની અવરજવર ચાલુ રહેતી. એ પુલની રચના એવી રીતે કરવામાં આવી હતી કે જ્યારે ટ્રેન પસાર થવાનો સમય થાય એટલે પુલ નદી પર ગોઠવાઈ જાય. બાકીના સમયે એ આડો થઈ અને કોઠાને સમાંતર બની જાય જેથી કરીને નદીમાં ચાલતી હોડીઓ અને નાના વહાણો આસાનીથી ફરી શકે.

આપણે ત્યાં જેમ રેલવેના ફાટકવાળા ભાઈને રાખવામાં આવે છે તેવી જ રીતે આ પુલની દેખરેખ તેમજ વ્યવસ્થા માટે એક સ્વિચમેનની નિમણૂંક કરવામાં આવી હતી. એ માણસ પુલના એક કાંઠા પર આવેલી પોતાની નાનકડી સરસ કેબિનમાં બેસીને ટ્રેનના આવવા જવાના સમયે પુલને ફેરવતો અને એની નિશ્ચિત જગ્યાએ લોક  કરતો. ટ્રેન પસાર થઈ જાય પછી ફરીથી એ પુલને ફેરવીને નદીને સમાતંર ગોઠવી દેતો.

એક સાંજની વાત છે. સ્વિચમેન પોતાની કેબિનમાં બેસીને છેલ્લી ટ્રેનના આવવાની રાહ જોતા હતો. એ ટ્રેન પસાર થઈ જાય તે પછી એની નોકરીનો સમય પૂરો થતો હતો. દૂરથી ટ્રેનની લાઈટ એણે જોઈ. બધાં મશીનો શરૂ કરી પુલને ફેરવવાની સ્વિચ પર હાથ રાખીને એ ઊભો રહ્યો. નિયત અંતરની અંદર ટ્રેન આવે પછી જ પુલ ફેરવવાનો નિયમ હતો જેથી નદીમાંથી  પસાર થતું કોઈ છેલ્લુ વહાણ પણ પુલ સાથે અથડાઈ ન પડે. નક્કી કરેલા અંતરની અંદર ટ્રેન આવી એટલે એણે પુલ ફેરવવાની સ્વિચ પાડી. પુલ ફરીને નદી પર આવી ગયો. ગોઠવાયો, પણ લોક ન થઈ શક્યો ! સ્વિચમેનના ધબકારા વધી ગયા. કારણ કે જો પુલનો સામેનો છેડો બરાબર લોક ન થાય ફિટ ન થાય તો ટ્રેન અર્ધા પુલ  પર પહોચે ત્યાં જ એ હલવા માંડે અને આખી જ ટ્રેન વિશાળ અને ઊંડી નદીમાં ખાબકે અને એમાંય  સાંજની આ છેલ્લી ટ્રેનમાં તો એકાદ હજાર મુસાફરો હોવાથી શક્યતા પણ હતી, કારણ કે આ છેલ્લી ટ્રેન પેસેન્જર ટ્રેન  હતી. આટલા બધા મુસાફરો જો એકસાથે મૃત્યુ પામે તો  તો હાહાકાર મચી  જાય. આ વાતની કલ્પના માત્રથી જ એ માણસના રૂવાડા બેઠા થઈ ગયા. એને ધ્રુજારી છૂટી ગઈ. આવો ભયંકર અકસ્માત અટકાવવા માટે હવે એક જ ઉપાય બાકી રહેતો હતો. પુલના સામા કાંઠે આ પુલને હાથથી લોક કરી શકાય તેવું એક લીવર મૂકેલું હતું. હાથથી જો એ લીવરને ફેરવીને લોક કરાય તો પુલ ફિટ થઈ જાય એવી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલી. કેબિનનું બારણું ખુલ્લું મૂકીને એ માણસે દોટ મૂકી. પુલના સામા કાંઠે જઈને એણે લીવર ફેરવ્યું. પુલ બરાબર લોક થઈ ગયો. એની પરના ટ્રેનના પાટા જમીન પરના પાટા સાથે બરાબર ભિડાઈ ગયા. હવે જ્યારે ટ્રેન પસાર થઈ રહી હોય ત્યારે આ લીવરને હાથ વડે જોરથી દબાવી રાખવું પડે તેમ હતું. જો એવું ન કરવામાં આવે તો એ ગમે ત્યારે છટકી જાય અને ટ્રેન ફંકાઈ જાય. સ્વિચમેને પોતાના આખા શરીરનું વજન એ લીવરના હાથા પર નાખી દીધું. એક હજાર માણસની જિંદગી આજે રાત્રે આ એક માણસની તાકાત પર અવલંબિત હતી. ટ્રેન હવે ખૂબ જ નજીક આવી ગઈ હોય તેવું એના અવાજ પરથી લાગતું હતું.


એજ વખતે ઠંડી રાત્રિના સન્નાટામાં પુલ પરથી એક નાના બાળકનો અવાજ આવ્યો, 'પપ્પા ! ઓ પપ્પા ! તમે ક્યાં છો' તમે દોડતા દોડતા ક્યાં જતા રહ્યા હતા ? મારે તમારી પાસે આવવું છે. મને ત્યાં એકલા બીક લાગે છે !

અવાજ સાંભળતા જ એ માણસનું લોહી થીજી ગયું. એનું આખું શરીર જાણે કે સૂન થઈ ગયું. એનો ચાર વરસનો દીકરો જેને એ માણસ કેબિનમાં બેસાડીને આવેલો એ એને શોધતો શોધતો પુલ પર આવી પહોંચ્યો હતો. શનિવારની રાત્રે સ્વિચમેન કાયમ એના આ ચાર વરસના બાળકને છેલ્લી પસાર થતી ટ્રેન દેખાડવા પોતાની જોડે લાવતો. આજે પણ એ એને લાવેલો. પણ લોકિંગ મિકેનિઝમ બગડતા એ ઝડપથી ભાગેલો અને કેબિનનું બારણું બહારથી બંધ  કરવાનું ભૂલી ગયેલો. નાનકડો બાળક સ્વાભાવિક રીતે જ પોતાના પિતાને શોધતો શોધતો અર્ધા પુલ સુધી આવી પહોંચ્યો હતો. હવે શું કરવું એની પેલા સ્વિચમેનને સમજ નહોતી પડતી. બાળકને જો દોડવાનું કહે તો પણ એનો કંઈ અર્થ નહોતો, કારણ કે ટ્રેન એટલી નજીક આવી ગઈ હતી કે ચાર વરસનો એ બાળક પુલ પર બિછાવેલા પાટા પરથી દોડીને પુલ પસાર કરી શકે એ અશક્ય જ હતું. સ્વિચમેન પોતે જો આ લીવર છોડી પોતાના દીકરાને સલામત જગ્યાએ ગોઠવવા દોડે તો પણ એ હવે પાછો આ લીવર સુધી આવી શકે તેવી કોઈ શક્યતા જ  નહોતી. પુલ પરથી આવી રહેલું સરસ મજાની સફેદ ટોપી અને લાલ શર્ટ પહેરેલું એનું બાળક અથવા તો ટ્રેન પરના એકાદ હજાર માણસ ! એણે બેમાંથી  એકની પસંદગી ફક્ત એકજ ક્ષણમાં કરવાની હતી. સ્વિચમેને એક ઉંડો શ્વાસ લિધો . પછી હતું તેટલું જોર લગાવી એ લોકિંગ લીવર પર ઊંધો થઈ ગયો. આંસુથી છલકતી પોતાની આંખોના પોપચાને સજ્જડ રીતે બંધ કરી લીધા. બસ એજ ક્ષણે એક હજાર માણસોથી ભરેલી પેસેન્જર ટ્રેન પુલ પરથી ધસમસતી પસાર થઈ ગઈ. બિલકુલ સહીસલામત રીતે. એ ટ્રેન પરના એક પણ મુસાફરને એ ખ્યાલ સુદ્ધા નહોતો આવ્યો કે એમને

બચાવીને સફેદ ટોપી અને લાલ શર્ટવાળો એક ચાર વરસનો જીવ અસંખ્ય નાના ટુકડાઓ બનીને નદીમાં વહી ગયો છે. કોઈ એ પણ નહોતું જાણતું કે ટ્રેન પસાર થઈ ગઈ હતી છતાં પેલો સ્વિચમેન ઘણી બધી વાર સુધી શું કામ લોકિંગ લીવરને વળગીને પડ્યો રહ્યો છે ? એ મુસાફરોમાંથી કોઈએ કદાચ કલ્પના પણ નહીં કરી હોય કે પુલના પાટા પરથી જડેલી સફેદ ટોપી પોતાના હાથમાં લઈને ધીમા અને ભારે પગલે પોતાના ઘરે જતાં એ માણસે પોતાની પત્નીને આ વાત કઈ રીતે કરી હશે ? પણ એક વાત ચોક્કસ હતી કે એની અદ્‌ભુત ફરજ પરસ્તીના કારણે એક હજાર કુટુંબો આનંદ અને હાસ્ય સાથે એ રાત્રે સૂઈ શક્યા હતા. સ્વિચમેન અને એની પત્નીએ ધ્રુસકા ભરતા અને આંસુ સારતા સફેદ ટોપી પર વહાલથી હાથ ફેરવતા ફેરવતા જ એ આખી રાત પસાર કરી હતી.

* * * * * *

## વરસી તપના આરાધકોની અનુમોદના



**ભારતભરના હજારો આરાધકોએ આદિનાથ પ્રભુનું આલંબન લઈને વરસીતપ શરૂ કર્યો છે. તમામ તપસ્વીઓના તપની ખૂબ ખૂબ અનુમોદના. સુખ-શાતામાં રહેશો.**

**જે તપસ્વીઓએ તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ વૈશાખ સુદ ત્રીજના અક્ષય તૃતિયાના પવિત્ર દિવસે ઈક્ષુરસથી પારણું કરીને વરસીતપ પુરો કર્યો છે તે સર્વે તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના.**


એપ્રિલ-૨૦૨૫, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્ષી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. મો. : ૮૮૨૮૧૫૦૦૮૭

**મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| M/s. M.T. Madon Export (Mumbai) | ૨,૦૦,૦૦૦ |
| M/s. Hemant Tools P. Ltd. | ૧,૦૦,૦૦૦ |
| બકુલાબેન એ. શાહ (અમદાવાદ) | ૭૧,૦૦૦ |
| શ્રી પાટણ જૈન સંઘ | ૪૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૩૭,૫૦૦ |
| M/s. C.J. Shah & Co. (Nariman Point) | ૩૭,૦૦૦ |
| શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો) | ૩૧,૦૦૦ |
| શ્રી મહેન્દ્રભાઈ જેશંગલાલ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી કલ્પાનાબેન શાહ (કપુર મહેતાનો પાડો) | ૨૫,૦૦૦ |
| શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી કલ્પાનાબેન શાહ (કપુર મહેતાનો પાડો) | ૨૫,૦૦૦ |
| શ્રી હીયા જયકુમાર વોરા (અમદાવાદ) | ૨૫,૦૦૦ |
| Shri Jay Shah | ૨૫,૦૦૦ |
| શ્રી ભાગ્યશ્રી જગદાળે (મુંબઈ) | ૨૪,૪૭૦ |
| શ્રી વિમલનાથ જૈન દેરાસર (શ્રી અમીતભાઈ તારાચંદ સંઘવી) પાટણ | ૧૫,૦૦૦ |
| શ્રી બાબુલાલ મણિલાલ ચેરીટેબલ ટ્રસ્ટ (નારણપુરા, અમદાવાદ) | ૧૫,૦૦૦ |
| ડૉ. પંકજભાઈ પી. શાહ (ગોરેગામ) | ૧૨,૦૦૦ |
| ડૉ. વીમાબેન પી. શાહ (ગોરેગામ) | ૧૨,૦૦૦ |
| શ્રીમતી હેમલતાબેન નવિનચંદ્ર પ્રેમચંદ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રી શિમલા હાઉસ જૈન સંઘ | ૧૧.૦૦૦ |
| અજયભાઈ જે. શાહ (ભાભાનો પાડો) (શ્રી જિતેન્દ્રભાઈ મણિલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે) | ૧૧,૦૦૦ |
| M/s. Coral Freight P. Ltd. | ૧૧,૦૦૦ |
| શ્રી વિદ્યુત બિપીનભાઈ શાહ | ૧૧,૦૦૦ |
| બાબુ પનાલાલ શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ | ૧૧,૦૦૦ |
| શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી પ્રિતીબેન કૌશલભાઈ શાહ (વર્ષીતપ નિમિત્તે) (કનાસાનો પાડો, ગોરેગામ) | ૧૧,૦૦૦ |
| શ્રી ફેનિલ વિપુલભાઈ શાહ (કુંભારીયા પાડો, યુ.એસ.એ.) | ૧૧,૦૦૦ |
| સિદ્ધેશ જ્યોતિ જૈન સંઘ (બાલારામ સ્ટ્રીટ, મુંબઈ) | ૧૧,૦૦૦ |
| શ્રી શરદભાઈ પી. શાહ (ચોપાટી) | ૧૧,૦૦૦ |
| શ્રી લક્ષ્મીલીલા જૈન શ્વે. મુ. સૈઘ (અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી આનંદ સાગર સૂરી ફાઉન્ડેશન (અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ (મુંબઈ) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

# સાભાર સ્વીકાર

**જીવન નિર્વાહ ભેટ:**

૧૧,૦૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

**લોનાવાલા હોલી ડે હોમ પ્રોજેક્ટ ભેટ :**

૫,૦૦,૦૦૦/- સ્વ. શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ (લખિયારવાડો)

**સૌરભ મેડિકલ હેલ્થકેર ભેટ:**

૫,૦૦,૦૦૦/- શ્રીમતી ઉષાબેન દિપકભાઈ મોહનલાલ શાહ (મહાલક્ષ્મીમાતાનો પાડો)

૧૧,૦૦૦/- સ્વ. શ્રીમતી દીનાબેન ભાગ્યેશભાઈ શાહ (માટલીવાલા)ના સ્મરણાર્થે (કનાસાનો પાડો) હ. શ્રી ભાગ્યોશભાઈ વિનોદચંદ્ર શાહ

**અનાજ વિતરણ ભેટ :**

૨,૦૦,૦૦૦/- મે. રેનીસન્સ ફાઉન્ડેશન

૨,૦૦,૦૦૦/- શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ શાહ (મણિયાતી પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી નીનાબેન કિરણભાઈ શાહ (ચિતારાની ખડકી)

૨,૦૦,૦૦૦/- શ્રી કિરણભાઈ વ્રજલાલ સાહ (ચિતારાની ખડકી)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી વસંતબેન ચંપકલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી નિજલબેન દેવેસભાઈ શાહ (વખતજીની શેરી)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ (અબજી મહેતાનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

૨,૦૦,૦૦૦/- શ્રીમતી કાનલબેન હિતેશભાઈ શાહ (કપુલમહેતાનો પાડો)

**નૂતન પ્રાયમરી શાળા ભેટ :**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી હેમીશા શૈલેષભાઈ કેશવલાલ ગાંધી

**મેડિકલ સહાય ભેટ:**

૫,૦૦૦/- સ્વ. સુરેશભાઈ જયંતિલાલ શાહના સ્મરણાર્થે (લિમડીનો પાડો) શ્રીમતી સુભદ્રાબેન કાંતિલાલ જેશંગલાલ શાહ પરિવાર (મણિયાતિ પાડો)

# સાભાર સ્વીકાર

| નં. | ડોલર | દાતાઓના નામ | ભેટની વિગત |
|---|---|---|---|
| ૧. | $ ૩૨,૫૦૦ | શ્રી નરેન્દ્રભાઈ અને શ્રીમતી બેલાબેન ખાંડવાલા | સૌરભ મેડિકલ હેલ્થકેર - ડરમેટોલોજી |
| ૨. | $ ૧૩,૫૦૦ | શ્રીમતી વિરમતીબેન અને બાલુભાઈ શાહના સ્મરણાર્થે હ. શ્રીમતી ચંદ્રિકાબેન પ્રિયવદન ઝવેરી | સૌરભ મેડિકલ હેલ્થકેર, શિક્ષણ સહાય, સમાજ ઉત્કર્ષ |

# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા ઓસવાલ | શાંતિનાથની શેરી | મહેન્દ્રભાઈ જીવાભાઈ શાહ | ૮૫ | કેમ્પ્સ કોર્નર | ૧૭-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | લિંબડીનો પાડો | સુરેશભાઈ જયંતિલાલ શાહ | ૭૭ | કાંદિવલી | ૧૮-૦૪-૨૫ | ચૈત્ર વદ ૦૫ |
| વિશા શ્રીમાળી | ડંકમહેતાનો પાડો | શિલ્પાબેન રાજેશભાઈ શાહ | ૬૭ | ગોરેગામ | ૨૮-૦૪-૨૫ | વૈશાખ સુદ ૦૧ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | દિનાબેન ભાગ્યેશભાઈ શાહ | ૬૫ | વિલેપાર્લા | ૦૩-૦૫-૨૫ | વૈશાખ સુદ ૦૬ |
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | હર્ષદભાઈ પનાલાલ શાહ | ૭૮ | મરીનડ્રાઈવ | ૦૫-૦૫-૨૫ | વૈશાખ સુદ ૦૮ |
| દશા શ્રીમાળી | કેશુશેઠનો પાડો | કીર્તિલાલ પુનમચંદ શાહ | ૯૨ | વિલેપાર્લા | ૦૫-૦૫-૨૫ | વૈશાખ સુદ ૦૮ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | રશ્મીબેન પૃથ્વીરાજ શાહ | ૭૪ | વિલેપાર્લા | ૦૮-૦૫-૨૫ | વૈશાખ સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | હરનેશ ચીનુભાઈ શાહ | ૬૯ | ગોવાલિયા ટેન્ક | ૦૮-૦૫-૨૫ | વૈશાખ સુદ ૧૧ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | દિલીપભાઈ વ્રજલાલ શાહ | ૭૬ | મરીનડ્રાઈવ | ૧૪-૦૫-૨૫ | વૈશાખ વદ ૦૨ |

* ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય – પાટણ



**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો. આજેજ જોડાઓ.**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

### નીચે મુજબની યોજનામાં દાતાશ્રીઓ આવકાર્ય છે

- Multipurpose Hall 1 ... 25,00,000
- Solar System 1 ... 25,00,000
- Golden Stone 2,00,000
- Multipurpose Hall 2 ... 25,00,000
- Lift 1 ... 5,50,000
- Silver Stone 1,00,000

સંપર્ક : શ્રી પાટણ જૈન મંડળ : 8779161209 ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ : 9930891985
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ : 9322227209 ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ : 9323189941

### ગત અંકના ભુલ સુધાર :-

પાના નં. ૨૩

શ્રીમતી મંજુલાબેન દિલીપભાઈ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
શ્રીમતી સુરેખાબેન નવનીતલાલ મણિલાલ શાહ (મણિયાતી પાડો)
સુધારીની વાચવું.

### નોકરી જોઈએ છે

શ્રી દિપકભાઈ હરસુખલાલ શાહ (ઉ.વ. ૭૪)
(ખજુરીનો પાડો, મરીનડ્રાઈવ)
ઘર બેઠા અકાઉન્ટનું કામ કરી આપશે .
સંપર્ક : 9867109659







Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB ● May 2025 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

## જીવન નિર્વાહ સહાય તથા સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૨૨ લાખના દાતા**

૧. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૩. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૪. શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ પરિવાર (ચિતારાની ખડકી)
૫. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)
૬. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૭. શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,